વન વિભાગની ઉદાસીનતાનો એક ઉત્તમ નમુનો સેકટર-૬ નાં બગીચામાં જોવા મળશે. ગયા ચોમાસામાં ધરાશાયી થયેલા વૃક્ષો આજ દિન સુધી જે તે સ્થિતિમાં પડી રહેલા છે. બગીચા તંત્ર દ્વારા રજૂઆતો કરવા છતાં વિન વિભાગની નિંદ્રા તૂટતી નથી. (તસવીર : કશ્યપ નિમાવત)

હાઈવે પર પાણીની પરબ

ઉનાળો લંબાઈ ગયો છે અને ઉકળાટ પણ વધી ગયો છે. ગરમીના દિવસોમાં સેવાભાવી નગરજનો તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા આકરી ગરમીમાં પાણીની પરબો ચલાવવામાં આવે છે પરંતુ પહેલીવાર ગાંધીનગર-સરખેજ હાઈવે પર ખ-૦ સર્કલ સરગાસણ ચાર રસ્તા પાસે એક બિલ્ડર ગ્રુપ દ્વારા મિનરલ પાણીની પરબ ચાલુ કરવામાં આવી છે. આ પરબ હાઈવે પરથી પસાર તથા વાહનચાલકો ખાસ કરીને ટુવ્હીલર ચાલકો, લોડીંગ રીક્ષાવાળાઓ અને નાની ટ્રકો વાળા માટે 'હાશકારો' અપાવનારી બની છે. (તસવીર : સમીર રામી)

ભગવાનના મોસાળ જલારામ મંદિર ખાતે ૪૦૦૦ ભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા કરાઈ

શુધ્ધ ઘીનો મોહનથાળ, ખીચડી-શાક અને છાશ ભક્તોને પિરસાશે

ગાંધીનગર, તા. ૨૫

નગરમાં અષાઢી બીજના દિવસે ભગવાન જગદીશ, બલરામ અને બહેન સુભદ્રા પરિભ્રમણ કરવા નિકળશે. ગાંધીનગરમાં વર્ષ ૧૯૮૫થી રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભગવાનના મોસાળ સેક્ટર-૨૯માં ૪૦૦૦ ભક્તજનો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં પંચદેવ મંદિરથી ભગવાન જગન્નાથની રથયાત્રા પરંપરાગત રીતે નીકળશે. સવારે ૭.૦૦ વાગ્યે નીજ મંદિરથી રથયાત્રા પ્રસ્થાન કરી બપોરે સેક્ટર-૨૯માં આવેલ જલારામ મંદિર ખાતે પહોંચશે. રથયાત્રામાં ભક્તજનો માટે જલારામ સેવા સમાજ દ્વારા પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

શહેરમાં ભગવાન મોસાળમાં ૪૦૦૦ ભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. જલારામ સમાજ દ્વારા આ વર્ષે પણ શુદ્ધ ઘી નો મોહનથાળ, ગરમા-ગરમ ખીચડી, બટાટા અને ટામેટાનું શાક તેમજ ગરમીમાં ઠંડક આપતી છાશની વ્યવસ્થા કરવામાં આવી છે.

જલારામ મંદિરની પાવન ધરતી પર બપોરના સમયે પ્રસાદ ગ્રહણ કરી રથયાત્રા પરંપરાગત રૂટ પર ભ્રમણ કરવા આગળ વધશે. તેમ સમાજના મંત્રી કિશોર હિન્ડોચાએ જણાવ્યું છે.

સેક્ટર-૨૧ રાજશ્રી થિયેટર પાસેથી એક મોબાઈલ ચોર પકડાયો

ચોરીના ચાર મોબાઈલ રીકવર : સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ઘરફોડ ચોરીના ગુનામાં પણ વોન્ટેડ હતો : એલસીબીની ટીમે આરોપી ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર એલસીબી ટીમે બાતમીને આધારે સેક્ટર-૨૧ રાજશ્રી સિનેમાગૃહ પાસેથી આજે એક મોબાઈલ ચોરને ચોરીના ૪ મોબાઈલો સાથે ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી અગાઉ પણ મોબાઈલ ચોરી અને ઘરફોડ ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલો છે અને સે-૨૧ પોલીસ સ્ટેશનના એક ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ પણ છે. એલ.સી.બી એ મોબાઈલ ચોરની ધરપકડ કરીને ચોરીના ૪ મોબાઈલ જપ્ત કરી સઘન પૂછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે સઘન પેટ્રોલિંગ શરુ કર્યુ છે. ટીમ પેટ્રોલીગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીના મોબાઈલો સાથે

શહેરના સે-૨૧ રાજશ્રી થીયેટર પાસે ઉભો છે. ટીમ આખી બાતમીના સ્થળે પહોંચી ગઈ હતી અને થલતેજ વિસ્તારમાં રહેતા ચિરાગ મધરૂપભાઈ ઉર્ફે મથુરભાઈ વાંસફોડીયાને ચાર મોબાઈલ સાથે ઝડપી લીધો હતો. મોબાઈલ અંગે સંતોષકારક જવાબ ન મળતા ડી પૂછતાછ શરુ કરતા તેને ચારેય મોબાઈલ ચોરી કર્યા હોવાની કબુલાત કરી હતી. બે મોબાઈલ અઠવાડિયા અગાઉ સે-૨૨ના ખૂણામાં રહેતા એસ.બી.આઈના કર્મચારી દુષ્યંતકુમાર ત્રિવેદીના ઘરેથી રાત્રી દરમિયાન ચોરી કર્યા હતા. બીજો એક મોબાઈલ થલતેજ રાજપથ ક્લબની બાજુમાં ખુલ્લામાં સુઈ જતા મજુરો પૈકી કોઈનો મોબાઈલ ચોર્યો હતો અને એક મોબાઈલ સાણંદ થી ચોરી કર્યો હોવાની કબુલાત કરી છે. પોલીસે તેની ધરપકડ કરી તપાસ શરુ કરી છે. અગાઉ ઘરફોડ અને મોબાઈલ ચોરીના ગુનામાં પણ આ શખ્સ પકડાઈ ચુકેલો છે.

આદરજ ફાટક પાસેથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર અલટો ઝડપાઈ

૨.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક આવેલા આદરજ ફાટક પાસેથી વિદેશી

દારૂનો જથ્થો ભરેલી એક અલ્ટો કાર પસાર થઇ રહી હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે વોચ ગોઠવીને ફાટક પાસેથી દારૂના જથ્થા સાથે કાર ઝડપી પાડી હતી. અલ્ટો ગાડીમાંથી રૂ.૪૨ હજાર ની કિંમતનો દારૂનો જથ્થો મળી આવતા પેથાપુર પોલીસે દારૂ તથા કાર મળી રૂ.૨.૪૨ લાખનો મુદ્દામાલ કબજે લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ દારૂ ભરેલી ગાડી મુકીને કોલવડાનો બુટલેગર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

પેથાપુર પોલીસ મથકના સીનીયર.પીએસઆઈ એસ. જે. વાઘેલાને ગઈ મોડી સાંજે બાતમી મળી હતી કે એક અલ્ટો ગાડી નં.જીજે ૨ બી.એચ. ૪૭૫૮ વિદેશી દારૂના જથ્થા સાથે આદરજ ફાટક પાસેથી પસાર થવાની છે. જેને આધારે પી.એસ.આઈ તેમની ટીમ સાથે બાતમી વાળા સ્થળે પહોંચી ગયા હતા. થોડી વારમાં બાતમી વાળી કાર ત્યાંથી પસાર થતા ઉભી રાખવા ટીમે ઈશારો કર્યો હતો. જો કે પોલીસને જોઈને કાર મૂકી દઈ બુટલેગર ફરાર થઇ ગયો હતો. કોલવડા ગામનો બુટલેગર જુગાજી બાબુજી ઠાકોર દારૂ ભરેલી કાર ચલાવતો હોવાની પોલીસને જાણ થઈ છે. પેથાપુર પોલીસે નાસી છુટેલા આરોપી સામે ન્હીબીશનનો ગુનો દાખલ કરીને કારમાંથી રૂ.૪૨ હજારનો વિદેશી દારૂ જપ્ત કરી લીધો હતો. પોલીસે રૂ.૨.૪૨ લાખનો મુદ્દામાલ કબજે લઈ ડી તપાસ આરંભી છે.

પેથાપુરમાં રથયાત્રા ધામધુમથી નીકળશે

ગાંધીનગર, તા. ૨૫

પેથાપુરમાં અષાઢી બીજના દિવસે શ્રી રામજી મંદિર નાની બજાર પેથાપુર, હાઈસ્કૂલ પાસેથી રથયાત્રા નીકળશે. ભગવાન જગન્નાથ, બળદેવજી, સુભદ્રાજી તેમજ બેન્ડવાજાથી શણગારેલા વાહનો ભક્ત મંડળીઓ સાથે મોટી સંખ્યામાં ભક્તજનો જોડાશે. બાળકોની વેશભૂષાની હરિફાઈ પણ યોજાશે. વેશભૂષામાં નામ નોંધાવા માટે શ્રી નટુભાઈ કે. દરજી (એસ.ટી.) નો સંપર્ક સાંધવા વિનંતી છે.

આ ૨૩ મા વર્ષે રથયાત્રા નીકળશે. રથયાત્રા સમિતિના શ્રી નટુભાઈ દરજી, ધીરૂભાઈ ચૌહાણ, દીનુભાઈ દરજી, દિનુભાઈ ચૌહાણ, અસરસિંહ વાઘેલા તથા અલ્કેશભાઈ પરમાર મહેનત કરી રહ્યા છે. રથયાત્રાનું મહોલ્લે મહોલ્લે ભવ્ય સ્વાગત કરાશે. શ્રી પોપટલાલ પ્રજાપતિ, શ્રી હસમુખભાઈ મેકવાન તથા પાલારી પ્રેમજીભાઈ હાજર રહેશે.

નમો ગ્રૂપની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

નમો ગ્રૂપ ઓફ ઈન્ડીયા રાષ્ટ્રીય કારોબારી રાષ્ટ્રીય પ્રમુખ રમેશભાઈ ચૌહાણના અધ્યક્ષસ્થાને સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. કારોબારી મિટીંગમાં દેશના ૧૬ રાજ્યોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય એજન્ડા ભારત સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેમાટે નમોગ્રૂપ તમામ પ્રકારનો સહયોગ આપવા તૈયાર રહેવાનો હતો. આ પ્રસંગે નમોગ્રૂપ આઈ.ટી. વિભાગના ડૉ. રાજીકાબેન કચેરિયાએ ગ્રૂપની માહિતી પુરી પાડી હતી. તેમજ ગાંધીનગર જિલ્લા પ્રમુખ કેતુલ પંચાસરાએ જણાવ્યું હતું કે ગ્રૂપ દ્વારા સરકાર અને લોકો વચ્ચે સેતુ બનવાનું કામ કરશે.

૨૭મીએ ટેટ થશે : એક લાખથી વધારે ઉમેદવાર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક શાળામાં શિક્ષક બનવા માટે ટેટ-૨ની પરીક્ષા આગામી ૨૭ જુલાઈના રોજ લેવાની જાહેરાત કરી છે. આ પરીક્ષામાં શિક્ષણ બોર્ડે ૧૩ અને ૧૪ માર્ચ-૨૦૧૪ના રોજ લીધેલ ટેટ-૧ની પરીક્ષામાં સફળ થયેલ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી શકશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ માધ્યમિક શાળામાં શિક્ષક બનવા માટે ફરજીયાત એવી ટેટ-૨ની પરીક્ષા ફરજીયાત બનાવવામાં આવી છે. ચાલુ વર્ષે આ પરીક્ષા આગામી ૨૭ જુલાઈના રોજ નિર્ધારીત કરેલ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવાની જાહેરાત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર નજીક સ્થિત ચિલોડા સર્કલને અડીને આવેલા અશ્વમેધ કોમ્પ્લેક્ષની પાછળના ભાગમાં છેલ્લા એક માસથી બિનવારસી હાલતમાં પડેલા એક લોક માર્યા વગરના સ્પ્લેન્ડર પ્લસ બાઈક નં. જી.જે-૧ એન.સી. ૬૩૬ અંગે વેપારીએ મળીને ચિલોડા પોલીસને જાણ કરી હતી. છેલ્લા એક મહીનાથી બિનવારસી પડેલું આ બાઈક કબ્જે લેવા વેપારીઓએ પોલીસને જાણ કરી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર ખાતે અન્નપૂર્ણા માતાના મંદિરના નિર્માણ માટે વિચારણા કરવા લેઉઆ પાટીદાર સમાજની બેઠક યોજાઈ હતી. અડાલજ ખાતે લેઉઆ પાટીદાર સમાજના કુળદેવી અન્નપૂર્ણા માતાના મંદિર બાંધવા સંકલ્પ કરાયો છે. ટૂંક સમયમાં બાંધકામ શરૂ કરાશે. ફંડ અને બાંધકામના સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. આ પ્રસંગે પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીજી તથા સમાજના અગ્રણીઓ શ્રી કુવરજીભાઈ પટેલ, એન. પી. પટેલ, ડૉ. હિમાંશુ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વેલ્થટેક્ષના કરદાતાઓએ ડીઝીટલ સીગ્નેચર સાથે રીટર્ન ઈ-ફાઈલીંગ કરવાનું હવે ફરજિયાત બનાવાયું

ગાંધીનગર, તા. ૨૫

કેન્દ્ર સરકારના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી) દ્વારા વેલ્થ ટેક્ષનું રીટર્ન હવે ઈ-ફાઈલીંગ દ્વારા ભરવાનું ફરજિયાત બનાવાયું છે. આ ઈ-રીટર્ન ભરતી વખતે તેમાં ડિઝીટલ સહી પણ ફરજિયાત કરવામાં આવી છે. સીબીડીટી દ્વારા આ અંગે એક જાહેરનામુ બહાર પાડીને આ નિર્ણયને અમલી બનાવાયો છે. વળી, ફોર્મમાં પણ ફેરફાર કરીને નવા ફોર્મ સામેલ કરાયા છે.

અત્યાર સુધી વેલ્થટેક્ષનું રીટર્ન મેન્યુઅલી ફાઈલ કરવામાં આવતું હતું. આ વર્ષે એટલે કે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી હવે વેલ્થટેક્ષનું રીટર્ન ડીઝીટલ સીગ્નેચર સાથે ઈ-ફાઈલીંગ કરવાનું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. જે કરદાતાની સંપતિ રૂપિયા ૩૦ લાખથી ઉપરની હોય તેમણે એક ટકો વેલ્થટેક્ષ ભરવાનો હોય છે. અને આ વેલ્થટેક્ષ સાથેનું રીટર્ન તારીખ ૩૧ મી જુલાઈ પહેલા ભરવાનું ફરજિયાત હોય છે. આમાં વ્યક્તિગત કે એચયુએફ કરદાતાઓ જેઓ ઓડિટને પાત્ર ના હોય તેઓ મેન્યુઅલી રીટર્ન ફાઈલ કરી શકે છે. પરંતુ જ્યારે તેઓ મેન્યુઅલી રીટર્ન ફાઈલ કરે ત્યારે તેમણે જાહેર કરેલી સંપતિનું વેલ્યુએશન સાથે જોડવાનું ફરજિયાત છે, જ્યારે ઈ-ફાઈલીંગમાં આવું કોઈ જોડાણ મોકલવાનું હોતુ નથી.

સીબીડીટી દ્વારા ઈ-ફાઈલીંગ અંગે જાહેરનામુ બહાર પાડીને ફરજિયાત બનાવાયું છે. જેમાં ડીઝીટલ સીગ્નેચર સાથે જ રીટર્ન ફાઈલ કરવાનું પણ ફરજિયાત બનાવાયું છે. આ સાથે વેલ્થટેક્ષનું ફોર્મ નં. બીએ ફાઈલ કરવાનું હતુ તેમાં ફેરફાર કરીને હવે ફોર્મ નં. બીબી કરવામાં આવ્યું છે.

રક્તદાન મહાદાન

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૨૭

તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦
હોલીડે : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૭.૦૦
હોલીડે : ૭.૦૦
હમશકલ : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હમશકલ : ૧૦.૦૦
મછલી જલ કી રાની હૈ : ૪.૦૦
ફગલી : ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
હમશકલ : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦,૧.૧૫,૬.૦૦,૮.૧૫
ફિલ્મીસ્તાન : ૩.૩૦
હોલીડે : ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

આપની આજ

મેષ : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

વૃષભ : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે.

મિથુન : વેપાર-ધંધો સારો ચાલશે. અણધાર્યા લાભની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી કરવો. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : સફળ યાત્રા થશે. દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

કન્યા : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

તુલા : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : મિત્ર સહયોગ પ્રાપ્ત ન થઈ શકે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.

ચિરવિદાય

- સ્વ. રમતાજી સેંધાજી ઠાકોર (ઉ.વ. ૫૦) ગામ-મોટી આદરજ, તા.જી.ગાંધીનગર.
- સ્વ. માલજીભાઈ પંજાભાઈ દેસાઈ (ઉ.વ. ૫૭) મુ.આલમપુર, તા.જી.ગાંધીનગર.